SHAILY
Engineering Plastics Ltd
CERT ISO 9001 ISO/TS 16949 | TÜV ISO 13485:2016 ISO 15378:2017 Certified | MDSAP
CIN # L51900GJ1980PLC065554

Regd. Office & Rania Plants : Survey No. 363, 364 & 366, At & Po. Rania 391 780, Ta-Savli, Dist. Vadodara, Gujarat, India. Phone : +91-75748 05122 Phone : + 91-75748 05181 E-Mail : rania.plant@shaily.com

Halol Plant : 706,707,708 GIDC, Halol - 389 350. Dist. Panchmahals, Gujarat, India. Phone : +91-2676-222913/14 E-Mail : halol.plant@shaily.com

Correspondence Address : 8, J. P. Nagar, Old Padra Road Vadodara - 390 007, Gujarat, India. Phone : +91-265-2332706 E-Mail : sales@shaily.com Visit us at : www.shaily.com

**SEPL/SE/June/26-27**
**16th June 2026**

**The General Manager,**
**Corporate Relations/Listing Department**
**BSE Limited**
Floor 25, P.J. Towers,
Dalal Street,
Mumbai – 400 001
**Scrip Code: 501423**

**The Manager,**
**Listing Department**
**National Stock Exchange of India Limited**
Exchange Plaza, Plot No. C/1, G Block,
Bandra – Kurla Complex,
Bandra (E),
Mumbai – 400 051
**Scrip Code: SHAILY**

**Sub: Newspaper Advertisement of Special Window for Re-lodgement of Transfer Requests of Physical Shares**

Dear Sir / Madam,

Pursuant to Regulation 30 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 read with SEBI Circular nos. SEBI/HO/MIRSD/MIRSDPoD/P/CIR/2025/97 dated July 2, 2025 and HO/38/13/11(2)2026-MIRSDPOD/I/3750/2026 dated January 30, 2026, we hereby enclose copies of the Notices published in Business Standard (English edition) and Vadodara Samachar (Gujarati edition) on June 16, 2026, regarding opening of another special window for transfer of physical securities which were sold / purchased prior to April 01, 2019.

The above information is also made available on the website of the Company https://shaily.com/investors/compliances-policies/newspaper-advertisement

Kindly take the same on record.

Thanking You.

Yours truly,
**For Shaily Engineering Plastics Limited**

Harish Govind Punwani
Digitally signed by Harish Govind Punwani
Date: 2026.06.16 12:04:32 +05'30'

**Harish Punwani**
**Company Secretary & Compliance Officer**
**M. No. A 50950**

**Encl: a/a**

# ‘Anthropic episode is a wake-up call’

**Q&A** Bengaluru-based Sarvam is the latest artificial intelligence (AI) unicorn, raising $234 million at a $1.5 billion valuation. The fundraise comes as demand for sovereign AI gains ground following the latest curbs on Anthropic by the US government. **Vivek Raghavan**, cofounder, Sarvam, in a virtual interaction with **Shivani Shinde**, talks about HCLTech's entry as an investor, the fundraise, and sovereign AI. Edited excerpts:



**“WILL COME OUT WITH AGENTIC ORCHESTRATION PRODUCTS RELEVANT TO ENTERPRISES IN INDIA”**

Vivek Raghavan, Cofounder, Sarvam

**What does HCLTech coming on board mean for Sarvam?**

■ We are very excited to have HCLTech as part of this investment. There are two reasons for that. One, as a sovereign AI company, having Indian capital coming into the company makes a lot of sense. That is very important.

Two, while HCLTech has made a significant investment, Sarvam will continue to be independent in every way and will continue to operate exactly as it has been operating thus far. I think that is very important.

Three, we see certain go-to-market strategies, both within India and outside, where working with HCLTech could provide benefits in the years to come. Those are the three ways to look at it.

**With HCLTech taking a 10 per cent stake, will it get preferential access to Sarvam's models? You also spoke about go-to-market partnerships. Will this be a revenue-sharing model?**

■ There is no preferential access per se. Our technology is available to anyone who wants to work with it. So, in that sense, there is no preferential access to our technology. However, this is a close partnership, and there will certainly be areas where we will explore whether our offerings together can create meaningful value. That is something we will look at.

**It's interesting to see an Indian information technology (IT) services company invest in an AI-first company like Sarvam**

■ I think there is a good synergy. If you look at how AI is changing software development, there is no doubt that the way software will be developed in the future is going to be very different. Therefore, I think this is a very forward-looking move by an Indian IT services company.

In the past, people have often said that IT services companies are not taking enough bets. I think this is the right way to take a bet — by partnering a company that is looking to be at the forefront of AI and providing it with the capital to do things that otherwise may not have been possible.

**On the fundraise and its usage, you have spoken about inferencing and agentic AI.**

■ Obviously, we are going to use it for inferencing, agentic AI, training larger models, and similar initiatives. Inferencing at scale and training larger models require significant graphics processing unit (GPU) compute. That is something we will be focused on.

We also believe that the deepest value in AI is going to be at the agentic layer. Therefore, we will be coming out with agentic orchestration products that are relevant to enterprises in India and around the world.

**When you say Sarvam wants to build a sovereign AI offering, does that mean you will not work with foreign investors, or that you would not want them to have a majority stake? Also, the sovereign AI conversation has accelerated again after what happened with Anthropic. What concerns does this create for the enterprise AI ecosystem, and what role can companies like Sarvam play?**

■ What happened with Anthropic over the past few days is a wake-up call. It shows that access to these technologies cannot be taken for granted. Therefore, it is very important to have companies that fundamentally understand these technologies and can build and leverage them. That is one thing that has become very clear.

If you look at building something at the scale of those models, this kind of funding is extremely small. However, what we have established is that we are on a path to be able to do bigger things if those opportunities arise.

We do believe that we want to build models for coding, cybersecurity, and similar use cases, leveraging the funds that we have raised.

**What portion of this fundraise will go towards GPU procurement?**

■ I would assume that anywhere between 30 per cent and 50 per cent of the funds will be used for GPU procurement. That is the nature of an AI company.

We are moving very rapidly to secure capacity for what we want to do in the immediate future. At the same time, depending on the scale of what needs to be done, Sarvam will continue to raise money to pursue bigger opportunities.

**There has been speculation that Nvidia may also invest in Sarvam. Is that discussion still on?**

■ I think you should wait for the second closing.

**By when do you expect to complete it?**

■ In a matter of weeks.

**What kind of acceptance are you seeing for your voice AI offerings in India?**

■ We are seeing very rapid adoption. Over the past three months, we have more than doubled or trebled the number of calls, taking it to over 2 million calls a day. There is clear acceptance of voice AI across a wide variety of use cases.

**Will enterprise AI be the primary focus going forward, especially now that HCLTech has come on board?**

■ If you look at our business today, selling to enterprises already accounts for a significant portion of our revenue, and that will continue to be the case. We also believe there are opportunities with the government, and those opportunities are important as well.

## ‘India needs complete sovereign AI stack, not just models’

A complete sovereign artificial intelligence (AI) stack is expected to emerge as a key investment theme as AI sovereignty becomes increasingly important globally, said Pankaj Mitra, partner at Bessemer Venture Partners, which was among investors which infused capital into Sarvam AI. “India will have its place in the world. We're looking at the entire sovereign stack. We will invest across enterprise AI, and sovereign AI will be a core theme,” Mitra told *Business Standard*. For the country to serve mission critical sectors, the country would need a complete AI stack and not just sovereign AI models, he said. “This stack runs across foundational energy, compute and data — the raw materials that any AI ecosystem needs — to agents, services and robotics. Our thesis is really on India's sovereignty — models are a very important component — but it does not stop there,” he added.

AJINKYA KAWALE & SHIVANI SHINDE


# Waaree Energies gets nod to raise up to ₹10K cr via QIP

PRESS TRUST OF INDIA

New Delhi, 15 June

Waaree Energies on Monday said that it has got shareholders' approval to raise up to ₹10,000 crore through the issuance of equity shares on a Qualified Institutions Placement basis.


On April 29, the board of the company approved raising of up to ₹10,000 crore through the issuance of equity shares, non-convertible debentures, along with warrants, any other eligible securities convertible into equity shares of the company, or any combination (collectively, securities) on Qualified Institutional Placement.



According to a regulatory filing, the company got shareholders' approval to raise capital through a qualified institutions placement.

The shareholders also approved the appointment of Jignesh Devchandbhai Rathod as a Whole-Time Director & CEO of the company. “...the resolutions as proposed in the postal ballot notice dated May 14, 2026, have been passed by the shareholders by remote e-voting process with requisite majority, on Saturday, June 13, 2026 (last date of remote e-voting),” it stated.

Meanwhile, the firm received an order for supply of 800 Mw solar modules from a “renowned customer”, who is a leading energy solutions provider, according to an exchange filing on Monday. It did not name the customer in the filing. Shares of the firm closed up 0.68 per cent on the BSE at ₹3,052 per share on Monday.




# VC firm YourNest marks close of ₹400 crore fund

UDISHA SRIVASTAV

New Delhi, 15 June

Deep tech focused venture capital firm YourNest has marked the final close of its ₹400 crore Continuum Fund I, which supports the firm's high-performing portfolio companies through their growth journey.

HDFC AMC Fund of Funds is a major institutional anchor investor of the fund. Over 30 per cent of the fund's investors comprise existing family offices and high net worth individuals (HNIs) who had invested in the early stage VC's earlier funds, and incoming investors.

“The main goal is to assist a small number of established, successful businesses from our previous funds that still have a lot of room to grow. The fund was created as a continuation vehicle to give these companies more patient funding and strategic support, while also giving current investors access to cash,” Managing Director (MD) and Fund Manager Sunil K Goyal said.

The average investment under Continuum Fund I is about ₹58 crore. “It will allow us to retain high-performing assets as they expand towards bigger market opportunities and possible liquidity events,” he added.

The companies that have received investment as part of this fund include Miko, Exponent Energy, Dozee, Twid, Opkey, and Thriwe.

So far, YourNest has established four funds. These include a 2012 vintage fund called YourNest India VC Fund I (₹83.4 crore), YourNest India VC Fund II (₹215 crore), YourNest India VC Fund III (₹505 crore), and the recently-closed YourNest Continuum Fund I. Notably, Fund III had secured the National Infrastructure and Investment Fund (NIIF) as its anchor investor in 2021.

In total, the firm has made investments in 51 startups.

**Shaily Engineering Plastics Limited** SHAILY Engineering Plastics Ltd

**CIN : L51900GJ1980PLC065554**

**Regd. Office :** Survey No. 364/366, At & Po. Rania, Ta. Savli, Dist. Vadodara - 391780, Gujarat, India.

**Phone No. :** +91 7574805122 / 181 **E-mail :** investors@shaily.com **Visit us :** www.shaily.com

**NOTICE TO SHAREHOLDERS**

**SPECIAL WINDOW FOR RE-LODGEMENT OF TRANSFER REQUESTS OF PHYSICAL SHARES**

Notice is hereby given that in terms of the SEBI circular no. HO/38/13/11(2) 2026-MIRSD-POD/I/3750/2026 dated January 30, 2026, another special window has been opened for transfer and dematerialisation of physical securities which were sold / purchased prior to April 1, 2019. **The special window will remain open for a period of one year from February 5, 2026, to February 4, 2027.** The special window shall also be available for such transfer requests which were submitted earlier and were rejected / returned / not attended, due to deficiency in the documents / process or otherwise.

Accordingly, as already requested earlier vide Notice published on February 17, 2026 and April 17, 2026, the eligible shareholders are requested to submit their transfer requests along with the requisite documents as mentioned in the aforesaid circular, to the Company's Registrar and Share Transfer Agent (RTA) at **Bigshare Services Private Limited, “Office No S6-2, 6th floor Pinnacle Business Park, Next to Ahura Centre, Mahakali Caves Road, Andheri (East) Mumbai - 400093, Maharashtra, India. Tel. : 02262638200; Email : investor@bigshareonline.com.**

The securities that are re-lodged for transfer shall be credited to the transferee only in demat mode and shall be under lock-in for a period of one year from the date of registration of transfer. Such securities shall not be transferred / lien-marked / pledged during the said lock-in period.

**For Shaily Engineering Plastics Limited**

**Sd/-**

**Place : Vadodara** **Harish Punwani**

**Date : June 15, 2026** **Company Secretary**

**(M.No.: A-50950)**




**Market wisdom, straight from the sharpest minds in the game.**

Cut through the noise every day with expert columns that decode trends before they unfold, only in Business Standard.

To book your copy, SMS **reachbs** to **57575** or email **order@bsmail.in**

Business Standard Insight Out

## APPOINTMENTS

**NaBFID** **NATIONAL BANK FOR FINANCING INFRASTRUCTURE AND DEVELOPMENT**

**Human Resources Department, Mumbai**

**www.nabfid.org**

**RECRUITMENT OF OFFICERS IN NaBFID EXECUTIVE VICE PRESIDENT (FIXED TERM) & VICE PRESIDENT (FIXED TERM) GRADE**

National Bank for Financing Infrastructure and Development, set up under an Act of Parliament, 2021, is the principal entity for infrastructure financing in the country. The entity is regulated and supervised as an All-India Financial Institution (AIFI) by the Reserve Bank of India (RBI). Institution is poised to play an extremely crucial role in supporting infrastructure funding by driving the development of innovative financing instruments and development of bond and derivatives markets and promoting best practices in financing and data-driven risk management.

**ONLINE APPLICATIONS ARE INVITED FROM INDIAN CITIZENS FOR APPOINTMENT AS PER DETAILS GIVEN BELOW:**

| Sr. No | Post/Grade | Advt No | Stream | Vacancy |
|---|---|---|---|---|
| 1 | Executive Vice President (Fixed Term) | NaBFID/REC/EVP/ 2026-27/01 | Treasury & Resource Raising | 1 (UR) |
| 2 | Vice President (Fixed Term) | NaBFID/REC/VP/ 2026-27/01 | Treasury & Resource Raising | 1 (UR) |
| | | | Business Strategy Partnerships & Ecosystem Development | 1 (OBC) |

1. For eligibility criteria (age, experience, job profile etc.), vacancy and other details, please visit the Bank's website **https://nabfid.org/careers or scan the QR code.**
2. Refer detailed advertisement to ensure eligibility and other details before applying. **Application starts from 16/06/2026.**
3. Remuneration will be offered based on qualification, experience, suitability, last drawn salary, market benchmark, as per advertisement. For other information, please refer detailed advertisement on the Banks website.
4. Any addendum / corrigendum / modification in this regard will ONLY be available on the Bank's website.
5. Selection will be solely at the discretion of the Bank, and its decision will be final.

**Mumbai**

**Executive Vice President (HR)**



# ગુજરાતમાં અમદાવાદ ડિવિઝન માટે રૂ.૧૪૦ કરોડના કવચ પ્રોજેક્ટને મંજૂરી

● અમદાવાદ, તા. ૧૫

રેલવે સુરક્ષા વધારવા તરફ એક મહત્વપૂર્ણ પગલામાં, ભારતીય રેલવેએ ગુજરાતમાં પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના ૪૮ બ્લોક સેક્શનોને આવરી લેતા ૫૯૮ રૂટ કિલોમીટર પર કવચ વર્ઝન ૪.૦ની સ્થાપનાને મંજૂરી આપી દીધી છે. આ પ્રોજેક્ટને રૂ. ૧૪૦ કરોડના ખર્ચે મંજૂર કરવામાં આવ્યો છે. ભારતીય રેલવેના બાકીના રૂટો પર એલટીઈ (એલટીઈ)-આધારિત કોમ્યુનિકેશન બેકબોન સાથે કવચની જોગવાઈ માટેના છત્ર કાર્યક્રમ હેઠળ આ કામને મંજૂરી આપવામાં આવી છે.

આ અગાઉ, અમદાવાદ ડિવિઝનના આશરે ૭૦૨ રૂટ કિલોમીટર પર કવચનું કામ પહેલેથી જ મંજૂર કરવામાં આવ્યું હતું. વર્તમાન પ્રોજેક્ટની મંજૂરી સાથે, ડિવિઝનના બાકીના સેક્શનોને પણ કવચ હેઠળ લાવવામાં આવશે, જે સમગ્ર ડિવિઝનમાં દેશી ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમના વ્યાપક ઉપયોગ માટેનો માર્ગ મોકળો કરશે.

કવચ એ ઓપરેશનલ સુરક્ષા વધારવા માટે ડિઝાઈન કરાયેલી દેશી રીતે વિકસિત ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન (એટીપી) સિસ્ટમ છે. તે સિગ્નલ પાસિંગ એટ ડેન્જર (સ્પેડ)ને રોકવામાં મદદ કરે છે, અસુરક્ષિત પરિસ્થિતિઓને ટાળવા માટે જ્યારે જરૂર પડે ત્યારે આપમેળે બ્રેક લગાવે છે, કટોકટીની પરિસ્થિતિઓમાં ટ્રેનની ગતિને નિયંત્રિત કરે છે અને અથડામણ (કોલિઝન) ના જોખમને નોંધપાત્ર રીતે ઘટાડે છે.

ભારતીય રેલવે સુરક્ષાને મજબૂત કરવા અને ટ્રેન કામગીરીને આધુનિક બનાવવાના તેના સતત પ્રયાસોના ભાગરૂપે તેના સમગ્ર નેટવર્ક પર પ્રગતિશીલ રીતે કવચનો વિસ્તાર કરી રહી છે.

# ખેડૂત રેલીમાં અનેક સ્થળોએ તંગદિલીનો માહોલ સર્જાયો, કોંગ્રેસી નેતાઓના ભાજપ પર પ્રહાર

● અમદાવાદ, તા. ૧૫

આજે સવારે વિરમગામથી શાંતિપુરા સર્કલથી ઓગણજ તરફ ખેડૂતો કૂચ કરી હતી. ત્યારે રસ્તા પર ખેડૂતોએ ભારે હલ્લાબોલ કર્યો હતો. સ્થિતિને કાબૂમાં લેવા માટે ઓગણજથી વૈષ્ણવદેવી સર્કલ તરફનો માર્ગ સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. આ દરમિયાન પ્રદર્શનકારી ખેડૂતો અને પોલીસ વચ્ચે ઉગ્ર ઘર્ષણ અને ઝપાઝપીના દ્રશ્યો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. કોંગ્રેસ દ્વારા આયોજિત કિસાન અધિકાર યાત્રા દરમિયાન અમદાવાદના ઓગણજ વિસ્તારમાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો. યાત્રા દરમિયાન ખેડૂતો અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મામલો બિચક્યાની ઘટના સામે આવી હતી. સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર ખેડૂતોની રેલી ગાંધીનગર પહોંચે એ ન હતી. તેમજ અંદરોઅંદર ફાટફૂટ પડી હતી.

ગુજરાત કોંગ્રેસના ટેકાથી આજે યોજાયેલી ખેડૂત રેલી સંદર્ભે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ મીડિયાને સંબોધતા જણાવ્યું હતું કે આજે ગુજરાતમાં જો સૌથી વધારે કોઈની ખરાબ હાલત હોય, કોઈની પર અત્યાચાર થતો હોય, શોષણ થતો હોય અને અન્યાય થતો હોય તો એ જગતના તાત ખેડૂત સાથે થઈ રહ્યો છે.ભારતીય જનતા પાર્ટીના નેતાઓ ખેડૂતોની આવક બમણી કરીશું, ખેડૂતો મારુતિ કાર લઈને ફરશે એવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાષણો કરતાં હતી. પરંતુ આજે ખેડૂતના ખેતરમાં જબરદસ્તીથી અદાણી અને બીજી કંપનીઓના વીજ પોલ ઊભા કરવામાં આવે છે, એનું વળતર માંગે, એના માટેના સમય માંગે, પાકની નુકસાની માંગે ત્યારે પોલીસ ડંડા અને લાકડીઓ મારવામાં આવે છે. મહિલાઓ પર અત્યાચાર થાય છે અને પોલીસ અને પ્રશાસન જાણે આ કંપનીઓની દલાલ બની ગઈ હોય એવી રીતે વર્તી રહી છે.

કોંગ્રેસના લાલજી દેસાઈએ જણાવ્યું હતું કે, સરકારને અલ્ટિમેટમ આપવા માંગીએ છીએ કે માંગણીઓને લઈને જેલમાં જવા માટે તૈયાર છીએ. ૧૧ દિવસ પછી સરકાર જવાબ નહીં આપે તો જિલ્લાઓમાં ટ્રેક્ટર લઈને રોડ પર ઊભા રહીને ચક્કાજામ કરીશું. કિસાન સંઘર્ષ સમિતિ અને કિસાન કોંગ્રેસ સમિતિ સાથે બીજા કોઈએ આવવું હોય તો રસ્તા રોકવા માટે આવી જાય. ૧૨માં દિવસે સરકાર નહીં માને તો તેમનું ભાગ્ય કરી નાખીશું.ટ્રેક્ટર રેલી દરમિયાન કોંગ્રેસ સાંસદ ગેનીબહેન ઠાકોરે જણાવ્યું હતું કે, 'સમગ્ર ગુજરાતનો ખેડૂત આજે રોડ ઉપર આવી ગયો છે. ત્યારે અમે જે સહનશીલતાની જે પરાકાષ્ઠા કહેવાય, એ પરાકાષ્ઠા હવે હદ ઉપર જતી રહી છે. મોરબીમાં મહિલાઓને બેફામ રીતે પોલીસે લાઠીચાર્જ કરી માર માર્યો હતો. આવું દયાહીન પગલું, આવું તો હિટલરશાહી... હિટલર હતો તો પણ આટલી હદે એનું દમન નહોતું થતું અને આજે જગતના તાત ઉપર જ્યારે લાઠીઓ વરસી રહી છે.

ખેડૂતોએ કોંગ્રેસ સામે ગંભીર આરોપ લગાવતા જણાવ્યું હતું કે તેમને કોંગ્રેસની સભામાં હાજરી આપવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. આ મુદ્દે કેટલાક ખેડૂતો અને કોંગ્રેસ કાર્યકરો વચ્ચે ઉગ્ર વાદવિવાદ થયો હતો, જે બાદ સ્થિતિ વધુ તંગ બની ગઈ હતી. બીજી તરફ, ન્યાયની માંગ સાથે નીકળેલી ટ્રેક્ટર રેલી દરમિયાન પોલીસ અને ખેડૂતો વચ્ચે પણ ઘર્ષણ સર્જાયું હતું.

# RTI નિયમોના ઉલ્લંઘનમાં મોટી કાર્યવાહી: સાવલીના બે અધિકારીઓને રૂ.૧૦-૧૦ હજારનો દંડ

● સાવલી, તા. ૧૫

સાવલી તાલુકામાં બે અલગ અલગ કિસ્સા ઓ માં બે સરકારી કર્મચારી દ્વારા માહિતી અધિકાર અધિનિયમ મુજબ અરજદારોને માહિતી આપવાના કિસ્સા માં એક તત્કાલીન પી આઈ અને એક તત્કાલીન મામલતદાર ને રાજ્ય માહિતી આયોગે દસ દસ હજાર નો દંડ ફટકારતા સરકારી કર્મચારી બેડામાં ફફડાટ વ્યાપી ગયો છે.

પ્રથમ કેસમાં સદામશા દિલીપ શા દિવાન નામના અરજદારે ભાદરવા પોલીસ સ્ટેશનના પીઆઈ ચેમ્બરના સીસીટીવી ફૂટેજ અંગે આરટીઆઈ હેઠળ માહિતી માંગવામાં આવી હતી. જોકે માહિતી આપવાના બદલે ગુપ્તતાનો ભંગ થતો હોવાનું કારણ દર્શાવવામાં આવ્યું હતું. પ્રથમ અપીલ બાદ પણ અરજદારને માહિતી ન મળતા મામલો રાજ્ય માહિતી આયોગ સુધી પહોંચ્યો હતો. સુનાવણી દરમિયાન ટેકનિકલ ખામીના કારણે સીસીટીવી ફૂટેજનો બેકઅપ ઉપલબ્ધ ન હોવાનું રજૂ કરવામાં આવ્યું હતું. જોકે આયોગે આ દલીલને યોગ્ય ન ગણતા માહિતી અધિકારી અને પ્રથમ અપીલ અધિકારીએ પોતાની ફરજ યોગ્ય રીતે નિભાવી ન હોવાનું નોંધ્યું હતું. હાલ વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા તત્કાલીન પીઆઈ એ.ઓ. ભરવાડને રૂ.૧૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.અને દંડ ની રકમ તેમના પગારમાં થી કાપવાનો હુકમ કર્યો છે.

જ્યારે બીજા કેસમાં સાવલી મામલતદાર કચેરી સામે ગેસ ગ્રાહકોની વિગતો સંબંધિત માહિતી સમયસર ન આપવા બદલ કાર્યવાહી કરવામાં આવી હતી. અરજદાર ફિરોઝ મહમ્મદ શા દિવાને ૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ એચ. પી. ગેસ એજન્સીના ગ્રાહકો અને રિફિલ વિતરણની વિગતો માંગતી અરજી કરી હતી. જિલ્લા પુરવઠા અધિકારી કચેરી દ્વારા અરજી સાવલી મામલતદાર કચેરીને મોકલવામાં આવી હતી. પ્રથમ અપીલ અધિકારીએ ૧૦ દિવસમાં માહિતી આપવા આદેશ કર્યો હોવા છતાં માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી ન હતી. ત્યારબાદ રાજ્ય માહિતી આયોગમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. સુનાવણી બાદ આયોગે ખાસ નોંધ્યું હતું કે મામલતદાર જીગ્નેશ પટેલ ને માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ નો યોગ્ય અભ્યાસ ન હોવાનું તારણ કાઢ્યું હતું અને આરટીઆઈના નિયમોના પાલનમાં બેદરકારી બદલ સાવલી મામલતદારને રૂ.૧૦ હજારનો દંડ ફટકાર્યો હતો. આ દંડની રકમ અધિકારીના પગારમાંથી અથવા પોતાના ભંડોળ માંથી વસૂલ કરવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે.અને હુકમ થયેથી ૧૫ દિવસમાં દંડ ભરીને તેની પહોંચ અથવા રસીદ ૩૦ દિવસમાં રાજ્ય માહિતી આયોગને મોકલી આપવા લેખિત હુકમ કરતા સાવલી અધિકારી બેડામાં ફફડાટ વ્યાપી ગયો છે અત્ર ઉલ્લેખનીય છે કે સાવલી મામલતદાર જીગ્નેશ પટેલ ૧૦ દિવસ અગાઉ જ સેવા માંથી વય નિવૃત્તિ ના કારણે રિટાયર્ડ થયા છે

રાજ્ય માહિતી આયોગના આ બંને નિર્ણયો ના પગલે સરકારી કર્મચારીઓમાં માહિતી અધિકાર કાયદા પ્રત્યે પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યા છે.

**નવી ઔદ્યોગિક નીતિથી વિવિધ ક્ષેત્રોમાં ૧૫ થી ૪૫ ટકા સુધીના વિવિધ ઇન્સેન્ટિવ દ્વારા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં આવશે : નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી**

# નવી ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ ગુજરાતને વૈશ્વિક ઔદ્યોગિક શક્તિ બનાવશે: મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

● અમદાવાદ, તા.૧૫

મહાત્મા મંદિર ખાતે રાજ્ય સરકારની નવી ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ના લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ નવી ઔદ્યોગિક નીતિને વિકસિત ગુજરાતથી વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરનાર સર્વગ્રાહી વિકાસ દસ્તાવેજ ગણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે ઉદ્યોગકારો, રોકાણકારો અને વિવિધ ક્ષેત્રોના પ્રતિનિધિઓના સૂચનોને ધ્યાનમાં રાખીને વ્યાપક અને ભવિષ્યલક્ષી ઔદ્યોગિક નીતિ તૈયાર કરી છે. આ નીતિ માત્ર ઉદ્યોગોને પ્રોત્સાહન આપતી યોજના નહીં પરંતુ 'વિકસિત ભારત-૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરતી સર્વગ્રાહી વિકાસની દિશા દર્શાવે છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે ગુજરાતે છેલ્લા બે દાયકામાં ઔદ્યોગિક વિકાસના ક્ષેત્રમાં દેશને દિશા બતાવી છે. Narendra Modiના નેતૃત્વ હેઠળ રાજ્યમાં પારદર્શક, નીતિ આધારિત અને રોકાણકારમૈત્રી શાસન વ્યવસ્થા વિકસાવવામાં આવી હતી, જેના પરિણામે ગુજરાત આજે દેશ-વિદેશની પ્રતિષ્ઠિત કંપનીઓ માટે રોકાણનું શ્રેષ્ઠ કેન્દ્ર બન્યું છે.

તેમણે જણાવ્યું કે ગુજરાતની નવી ઔદ્યોગિક નીતિ ભવિષ્યના ઉદ્યોગોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. ગ્રીન હાઈડ્રોજન, ગ્રીન એમોનિયા, બેટરી સ્ટોરેજ, ઈલેક્ટ્રોલાઈઝર, ઈલેક્ટ્રિક મોબિલિટી, એરોસ્પેસ, સ્પેસ મેન્યુફેક્ચરિંગ, ડિફેન્સ સપોર્ટ યુનિટ્સ, ન્યુક્લિયર પાવર ઈક્વિપમેન્ટ, રોબોટિક્સ, ડ્રોન, સ્પોર્ટ્સ ગુડ્સ, ટોયઝ અને ફૂટવેર જેવા ફ્યુચરિસ્ટિક ક્ષેત્રોને વિશેષ પ્રોત્સાહન આપવામાં આવશે.

મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે નીતિમાં માત્ર મોટા ઉદ્યોગોને જ નહીં પરંતુ સ્જીસ્ઈ, સ્ટાર્ટઅપ્સ, મહિલા ઉદ્યોગસાહસિકો, પ્રથમ પેઢીના ઉદ્યોગકારો અને યુવાનોને પણ વિકાસના કેન્દ્રમાં સ્થાન આપવામાં આવ્યું છે. સ્ટાર્ટઅપ્સ માટે સીડ સપોર્ટ, વ્યાજ સહાય, મહિલા સહ-સ્થાપકો ધરાવતા સ્ટાર્ટઅપ્સ માટે વિશેષ પ્રોત્સાહન તેમજ મહિલા ઉદ્યોગસાહસિકો માટે વધારાની સહાયની જોગવાઈ કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું કે નવી નીતિનો મહત્વપૂર્ણ આધાર ગ્રીન અને સસ્ટેનેબલ ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ છે. ગ્રીન ઈન્ડસ્ટ્રી પ્રેક્ટિસ, વેસ્ટ વોટર રિસાયક્લિંગ, ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ, ક્લીનર પ્રોડક્શન ટેક્નોલોજી અને સર્ક્યુલર ઈકોનોમીને પ્રોત્સાહન આપવામાં આવશે. રાજ્ય સરકારનો હેતુ એવો વિકાસ કરવાનો છે જેમાં ઉદ્યોગો વિકસે, રોજગારી વધે, રોકાણ આકર્ષાય અને સાથે પર્યાવરણનું સંતુલન પણ જળવાઈ રહે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે વિકાસનો લાભ રાજ્યના દરેક વિસ્તાર સુધી પહોંચે તે માટે વનબંધુ વિસ્તારો, આદિવાસી પ્રદેશો, અનુસૂચિત જાતિ-જાતિના ઉદ્યોગકારો અને સ્જીસ્ઈ ક્ષેત્ર માટે વિશેષ પ્રોત્સાહનોની જોગવાઈ કરવામાં આવી છે.

તેમણે ઉમેર્યું કે ગુજરાતની નવી ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ ચાર મુખ્ય આધારસ્તંભો – રોકાણ અને ઉત્પાદન, ઈનોવેશન અને સંશોધન, કૌશલ્ય અને રોજગારી તેમજ સસ્ટેનેબલ અને સર્વસમાવેશક વિકાસ – પર આધારિત છે. આ નીતિ ગુજરાતને ઔદ્યોગિક ઈનોવેશન, આધુનિક સંશોધન અને વૈશ્વિક ટેક્નોલોજી વિકાસનું કેન્દ્ર બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

અંતમાં મુખ્યમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે નવી ઔદ્યોગિક નીતિ ગુજરાતને વિશ્વના અગ્રણી, ઈનોવેશન આધારિત અને સસ્ટેનેબલ ઔદ્યોગિક ગંતવ્ય તરીકે સ્થાપિત કરશે તેમજ 'મેક ઈન ઈન્ડિયા' અને 'મેક ફોર ધ વર્લ્ડ'ના સંકલ્પને નવી ગતિ આપશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ભવિષ્ય માટેનો માર્ગદર્શક દસ્તાવેજ એવી નવી ઔદ્યોગિક નીતિ માત્ર પ્રોત્સાહનો આપતી યોજના નથી, પરંતુ વર્ષ ૨૦૪૭ના વિકસિત ગુજરાતના વિઝનને સાકાર કરવાનું એક શક્તિશાળી માધ્યમ છે. આ નવી ઔદ્યોગિક નીતિથી વિવિધ ક્ષેત્રોમાં ૧૫ થી ૪૫ ટકા સુધીના વિવિધ ઈન્સેન્ટિવદ્વારા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં આવશે, જેથી નવા રોકાણો આકર્ષાય, રોજગારીનું સર્જન થાય અને રાજ્યના યુવાનોને પોતાના વતનમાં જ ઉજ્જવળ ભવિષ્ય બનાવવાની તક મળે. આ નીતિ દ્વારા સરકાર અને ઉદ્યોગજગત મળીને વિકાસનું એક મજબૂત ઈકોસિસ્ટમ ઉભું કરશે.

નાયબ મુખ્યમંત્રી સંઘવીએ કહ્યું કે, માત્ર ૫ ટકા જમીન અને ૬ ટકા વસ્તી ધરાવતું ગુજરાત આજે દેશના ઉત્પાદન ક્ષેત્રમાં અગ્રેસર છે. દેશના કુલ ઉત્પાદનનો ૧૮ ટકાથી વધુ હિસ્સો, ૪૦ ટકા કાર્ગો હેન્ડલિંગ અને લગભગ ૩૩ ટકા સરેરાશ નિકાસ ગુજરાતમાંથી થાય છે. દેશની સૌથી વધુ સ્જીસ્ઈ એકમો ધરાવતું ગુજરાત આજે રોકાણ, ઉદ્યોગ-સાહસ અને વિકાસનું સૌથી વિશ્વસનીય કેન્દ્ર બની ચૂક્યું છે. આ સફળતા પાછળ ગુજરાતના ઉદ્યોગસાહસિકો અને રાજ્ય સરકારની વિકાસલક્ષી નીતિઓનું મહત્વપૂર્ણ યોગદાન રહેલું છે.

સંઘવીએ ઉમેર્યું હતું કે, ગુજરાતે દેશના અન્ય રાજ્યો કરતાં વધુ પ્રાધાન્ય સંશોધન અને વિકાસ પર આપ્યું છે. કેટલાક ક્ષેત્રોમાં ૫૦ ટકા સુધીના ઈન્સેન્ટિવ આપીને યુવાનોમાં નવીનતા અને સંશોધનને પ્રોત્સાહન આપવામાં આવશે. ગ્રીન એનર્જી, ડ્રોન મેન્યુફેક્ચરિંગ, રોબોટિક્સ, ફૂટવેર અને ટોય મેન્યુફેક્ચરિંગ જેવા સનરાઈઝિંગ સેક્ટર્સમાં ગુજરાતને વૈશ્વિક નેતૃત્વ અપાવવાનો આ નીતિનો મુખ્ય ઉદ્દેશ છે. ભવિષ્યની ટેક્નોલોજી અને નવી તકોમાં ગુજરાત દેશનું નેતૃત્વ કરે તે માટે આ દિશામાં મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે.

ગિફ્ટ સિટી, ધોલેરા, ડેટા સેન્ટર્સ અને ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ જેવા ક્ષેત્રોની મદદથી ગુજરાતને દેશનું નંબર ૧ રાજ્ય બનાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. સરકાર અને ઉદ્યોગજગતના સંયુક્ત પ્રયાસોથી ગુજરાત વિકાસ, રોકાણ અને રોજગારીના નવા શિખરો સર કરશે.

# સુભાનપુરા વડીલ પરિવાર સિનિયર સિટીઝન ફોરમ દ્વારા હાઉસિંગની રમતો અને પ્રશ્નોત્તરીનો રસમય કાર્યક્રમ યોજાયો



● વડોદરા, તા. ૧૫

વડીલ પરિવાર સિનિયર સિટીઝન ફોરમ સુભાનપુરા ના સભ્યો હવે નો દર માસ ની પંદરમી તારીખે યોજાતો હાઉસિંગ ની રમતો અને પ્રશ્નો ના જવાબો નો રસમય પ્રોગ્રામ. સિનિયર સિટીઝન ગ્રુપ ના માનદ તંત્રી અને સંપાદક ઘનશ્યામભાઈ રાવ ની એક યાદી જણાવે છે કે વડીલ પરિવાર સિનિયર સિટીઝન ફોરમ સુભાનપુરા દ્વારા તારીખ ૧૫/૬/૨૦૨૬ ને સોમવાર ના રોજ સભ્યો ને હાઉસિંગ ની રમતો રમાડવા નો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. પ્રોગ્રામ નું આયોજન ઉપપ્રમુખ મુકેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ ની શરૂઆત હાઉસિંગ ની રમત થી કરવામાં આવી, રમતો વડીલ પરિવાર સુભાનપુરા ના સભ્ય શ્રીમતી ઉષાબેન દૃપટેલ અને આવખત ના સ્પોન્સર હસુમતીબેન સુમંતભાઈ પરમાર તરફ થી રમાડવામા આવી.જેમાં વિજયી થનાર ને ઈનામ વિતરણ હસુમતીબેન અને સુમંતભાઈ તરફ થી કરવામાં આવ્યું.ત્યારબાદ પ્રશ્નો ના જવાબો નું પેપર આપવામાં આવ્યું હતું, તેમાં સાચા જવાબો આપનાર સભ્યો ને પણ હસમુતીબેન અને સુમંતભાઈ તરફ થી ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપપ્રમુખ મુકેશભાઈ તરફ થી આભાર વિધિ કરવામાં આવી હતી. અને કાર્યક્રમ પૂરો થયેલ જાહેર કરવામાં આવ્યો હતો. સૌઉ સભ્યો એ ખુબજ આનંદ પૂર્વક ભાગ લીધો હતો. આંનદ મય વાતાવરણ માં સૌઉ સભ્યો છુટા પડ્યા હતા.

# વડોદરા ડિવિઝનના કરચિયા યાર્ડમાં ટ્રેક સલામતી અને કાર્યક્ષમતામાં સુધારો કરવા માટે વ્યાપક યાર્ડ સુધારા





● વડોદરા, તા. ૧૫

પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનના એન્જિનિયરિંગ વિભાગે કરચિયા યાર્ડ ખાતે યાર્ડ સુધારણા અને ડ્રેનેજ અપગ્રેડના વ્યાપક કાર્યો સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટથી યાર્ડની સલામતી , જાળવણી , કાર્યકારી કાર્યક્ષમતા અને વિશ્વસનીયતામાં નોંધપાત્ર સુધારો થયો છે .

પશ્ચિમ રેલ્વેના વડોદરા વિભાગના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, કરચિયા યાર્ડ ટ્રેન રિસીવિંગ , ડિસ્પેચિંગ , સ્ટેબલિંગ , શન્ટિંગ અને જાળવણી પ્રવૃત્તિઓનું સંચાલન કરે છે . છેલ્લા કેટલાક વર્ષોથી, યાર્ડનો દક્ષિણ ભાગ ગંભીર પાણી ભરાવાની સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે , જેના કારણે સિગ્નલ નિષ્ફળતા જેવી કામગીરીમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

આ પડકારોનો સામનો કરવા માટે, પશ્ચિમ રેલ્વેના વ ડો દ રા વિભાગના એન્જિનિયરિંગ વિભાગે એક વ્યાપક યાર્ડ સુધારણા કાર્યક્રમ હાથ ધર્યો , જેમાં ટ્રેક નવીકરણ , બેલાસ્ટ પુનર્વસન , સ્લીપર રિપ્લેસમેન્ટ , ડ્રેનેજ સુધારણા અને ટ્રેક ભૂમિતિ સુધારણાનો સમાવેશ થાય છે.

મુખ્ય કાર્યો હેઠળ, કુલ ૮૩૭.૫૪ ટ્રેક મીટર લંબાઈ પર ટ્રેક નવીકરણ હાથ ધરવામાં આવ્યું હતું . જૂના ટ્રેકને દૂર કરવામાં આવ્યો હતો અને લોંગ ડેડ એન્ડ , સિક લાઈન નંબર ૨૪, લાઈન નંબર ૮A અને ૮B ડેડ એન્ડ અને લાઈન નંબર ૧ GR રાઉન્ડઅબાઉટ સહિત વિવિધ સ્થળોએ નવો ટ્રેક અને બેલાસ્ટ આપવામાં આવ્યો હતો. ૨૮ પોઈન્ટ અને ક્રોસિંગ અને ૬,૫૮૬ ટ્રેક મીટર સામાન્ય ટ્રેકનું ડીપ સ્ક્રીનીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ફોલ્ડ બેલાસ્ટ દૂર કરીને ડ્રેનેજ ક્ષમતા અને ટ્રેક સ્થિરતામાં સુધારો કરવામાં આવ્યો હતો. લૂપ લાઈન , સિક લાઈન , ટર્નઆઉટ એરિયા અને કનેક્ટિવિટી ટ્રેકમાં કુલ ૬,૫૮૬ PSC સ્લીપર્સનું નવીકરણ કરવામાં આવ્યું હતું.વધુમાં, ૪,૩૫૫.૬૦ ટ્રેક મીટરના વિસ્તારમાં વ્યવસ્થિત લિફ્ટિંગ અને પેકિંગ દ્વારા ટ્રેક ભૂમિતિમાં સુધારો કરવામાં આવ્યો હતો. ડ્રેનેજ સુધારવા માટે ૧,૧૨૯.૭૦ મીટરની લંબાઈથી વધુ વ્યૂહાત્મક સ્થળોએ સેસ ઘટાડાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું . ૧.૫ લાખ લિટરની ક્ષમતા ધરાવતો સમ્પ બનાવવામાં આવ્યો હતો.

વરસાદી પાણીના અસરકારક નિકાલ માટે ૨૦૦ મીટર લાંબા આરસીસી ડ્રેઈન બનાવવામાં આવ્યા હતા. આ સંકલિત સુધારણા કાર્યક્રમથી કરચિયા યાર્ડની ભૌતિક સ્થિતિ અને ડ્રેનેજ સિસ્ટમમાં નોંધપાત્ર સુધારો થયો છે. આ કાર્યો પાણી ભરાવાની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો કરશે, સિગ્નલિંગ સિસ્ટમની વિશ્વસનીયતા વધારશે, ટ્રેક સલામતી અને કાર્યકારી કાર્યક્ષમતામાં સુધારો કરશે અને જાળવણીની જરૂરિયાતો ઘટાડશે. રેલ્વે સંપત્તિઓનું આયુષ્ય અને કામગીરી વધશે, અને ચોમાસા દરમિયાન યાર્ડ કામગીરી વધુ સુરક્ષિત અને સરળ બનશે .

પશ્ચિમ રેલ્વેના વડોદરા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા આ કાર્યો રેલ્વે માળખાગત સુવિધાઓના આધુનિકીકરણ, સલામત કામગીરી અને ઉત્તમ સેવા પૂરી પાડવાની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

# સાવલીના લામડાપુરામાં સરપંચ પુત્રએ ભાડૂતી ગુંડા લાવી આતંક મચાવ્યો: મંજુસર પોલીસે આર્મ્સ એક્ટ હેઠળ ૮ સામે ગુનો નોંધ્યો

● સાવલી, તા. ૧૫

સાવલી તાલુકાના લામડાપુરા ગામે સરપંચ પુત્ર દ્વારા અજાણ્યા ભાડૂતી ગુંડા ઓ ને લાવીને તોડફોડ કરી આંતક ફેલાવવા ના પ્રકરણમાં મંજુસર પોલીસે સરપંચ પુત્ર સહિત ૮ સામે ગુનો આર્મ્સ એક્ટ સહિત વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કસૂરવારો ને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

સાવલી તાલુકાના લામડાપુર ગામે બે દિવસ અગાઉ થયેલ સામાન્ય બોલાચાલી માં ગામના મહિલા સરપંચના પુત્ર ઉપેન્દ્ર ઉર્ફે મુન્નાએ ભાડૂતી ગુંડાઓ ગામમાં લાવીને નગ્ન હથિયારોનું પ્રદર્શન કર્યું હતું અને મારામારી, ધમકી અને તોડફોડ કરીને સમગ્ર ગામમાં ડરનો માહોલ ઊભો કર્યો હતો સમગ્ર ઘટનાનો વિડીયો વાયરલ થતા વીડિયોને આધારે મંજુસર પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે સરકાર તરફે હેડ કોન્સ્ટેબલ રાજુભાઈ ની ફરિયાદના આધારે સરપંચપુત્ર ૧ ઉપેન્દ્રસિંહ ઉર્ફે મુન્નો રમણસિંહ પરમાર ૨ કલ્પેશભાઈ ૩ વીરુ ત્રણેય રહે લામડાપુરા તા સાવલી અને અન્ય પાંચ થી છ જેટલા અજાણ્યા ઈસમો સહિત કુલ ૮ શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) તથા આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. લામડાપુરા ગામમાં કેટલાક શખ્સોએ તલવાર, ધારીયા, ફરસી અને લાકડીઓ જેવા હથિયારો સાથે જાહેરમાં ધમાલ મચાવી હોવાના આક્ષેપો સામે આવ્યા હતા. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. વીડિયોમાં એક શખ્સ કમર પર પિસ્તોલ જેવું હથિયાર લટકાવેલો પણ જોવા મળ્યો હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે.ગ્રામજનોના આક્ષેપ મુજબ, સરપંચના પુત્રએ ગુંડા તત્વોને બોલાવી ગ્રામજનો પર હુમલો કરાવ્યો હતો. હુમલા દરમિયાન બાઈક સહિત અનેક વાહનોમાં તોડફોડ કરવામાં આવી હતી તેમજ જાહેરમાં ગાળો બોલી અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવી હતી. "ગોળી મારશું તો મોંમાંથી ફુવારો નીકળશે" જેવી ધમકી આપવામાં આવી હોવાનો ઉલ્લેખ ફરિયાદ માં કરવામાં આવ્યો છે.

આ સમગ્ર મામલે વાયરલ વીડિયો અને અન્ય પુરાવાઓના આધારે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. આરોપીઓની ધરપકડ માટે અલગ-અલગ ટીમો સક્રિય કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.ઘટનાને પગલે લામડાપુરા ગામમાં અજંપા ભરી શાંતિ પ્રવર્તી રહી છે. ગ્રામજનો દ્વારા દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

આ બનાવને લઈને સમગ્ર તાલુકામાં ચર્ચાઓ તેજ બની છે.આ અંગે ગ્રામજન હાર્દિક પરમાર અને ભાવનાબેન પરમારે પણ જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ દ્વારા સમગ્ર ઘટનાની તમામ દિશામાં તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે અ ને કસુર વારોને કડકમાં કડક સજા કરવા માટે પોલીસે કમરકસી છે અને ગુનેગારોને ઝડપી પાડવા માટે બાતમીદારો તેમજ સીસીટીવી ફૂટેજ અને હ્યુમન રિસોર્સિસ એક્ટિવ કરી દીધા છે.

# પશ્ચિમ રેલવેના છ કર્મચારીઓને જનરલ મેનેજર સેફ્ટી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા

● વડોદરા, તા. ૧૫

ફોટો કેપ્શનઃ શ્રી રામાશ્રય પાંડે, જનરલ મેનેજર, પશ્ચિમ રેલ્વે, મુંબઈ સ્થિત પશ્ચિમ રેલ્વે મુખ્યાલય ખાતે વરિષ્ઠ અધિકારીઓ સાથે જનરલ મેનેજરના "મેન ઓફ ધ મન્થ" સેફ્ટી એવોર્ડ્સ મેળવનારાઓનું સન્માન કરી રહ્યા છે.પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર શ્રી રામાશ્રય પાંડેએ છ કર્મચારીઓને એપ્રિલ ૨૦૨૬ માટે પશ્ચિમ રેલ્વે મુખ્યાલય, મુંબઈ ખાતે જનરલ મેનેજરના "મેન ઓફ ધ મન્થ" સેફ્ટી એવોર્ડથી સન્માનિત કર્યા. આ કર્મચારીઓને તેમની અનુકરણીય સતર્કતા, સમર્પણ અને ફરજ પ્રત્યેની પ્રતિબદ્ધતા માટે માન્યતા આપવામાં આવી હતી, જેણે સંભવિત અનિચ્છનીય ઘટનાઓને રોકવા અને સલામત ટ્રેન સંચાલન સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. પુરસ્કાર વિજેતાઓમાં મુંબઈ સેન્ટ્રલ અને વડોદરા ડિવિઝનના બે-બે કર્મચારીઓ અને અમદાવાદ અને રાજકોટ ડિવિઝનના એક-એક કર્મચારીનો સમાવેશ થાય છે.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના બે કર્મચારીઓ, શ્રી વિકાસ કુમાર,ગુડ્સ ટ્રેન મેનેજર અને શ્રી સંજય કુમાર, ફિટરને તેમની અસાધારણ સતર્કતા અને ત્વરિત કાર્યવાહી બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.શ્રી વિકાસ કુમારની સતર્કતા અને ફરજ પ્રત્યેની નિષ્ઠાનો એક નોંધપાત્ર દાખલો ભુસાવલ સ્ટેશન પર માલગાડીનો હવાલો સંભાળતી વખતે બન્યો. ટ્રેનની તપાસ દરમિયાન, તેમણે કોલસા ભરેલા વેગનમાંથી ધુમાડો નીકળતો જોયો અને તાત્કાલિક સંબંધિત અધિકારીઓને જાણ કરી. તેમણે અસરગ્રસ્ત વેગનને અલગ કરવાનું અને આગ ઓલવવામાં સક્રિય રીતે મદદ કરવાનું સૂચન પણ કર્યું. તેમના સમયસરના પગલાંથી આગ આખી ટ્રેનમાં ફેલાતી અટકી ગઈ, જેનાથી કિંમતી રેલ્વે સંપત્તિનું રક્ષણ થયું અને મોટી દુર્ઘટના ટળી ગઈ.સતર્કતા અને સતર્કતાનું બીજું એક નોંધપાત્ર ઉદાહરણ શ્રી સંજય કુમારનું હતું, જેમણે વસઈ રોડ પર એક માલગાડીના રોલિંગ-ઈન નિરીક્ષણ દરમિયાન વેગનના પૈડામાંથી અસામાન્ય અવાજો શોધી કાઢ્યા અને વધુ નિરીક્ષણ પર, ગંભીર વ્હીલ ખામીઓ અને સપાટ સ્થાનો ઓળખાયા. વેગનને તાત્કાલિક બીમાર તરીકે ચિહ્નિત કરવામાં આવ્યું અને ખામીયુક્ત વ્હીલ્સ બદલવામાં આવ્યા. તેમની સતર્કતાએ સંભવિત અકસ્માતને રોકવામાં મદદ કરી અને સલામત ટ્રેન સંચાલન સુનિશ્ચિત કર્યું.


**ડાયામાઈન્સ એન્ડ કેમીકલ્સ લિમિટેડ**

Diamines Quality driver

CIN No. : L24110GJ1976PLC002905

રજીસ્ટર્ડ ઓફિસ : પ્લોટ નં. ૧૩, પીસીસી એરિયા, પી.ઓ. પેટ્રોકેમિકલ્સ, વડોદરા-૩૯૧૩૫૦. ફોન : ૦૨૬૫-૩૫૩૪૨૦૦

Email : secretarial@dacl.co.in Website : www.dacl.co.in

**શેરધારકોને સૂચના**

**ભૌતિક શેરોના ટ્રાન્સફર વિનંતીઓના રિ-લોજમેન્ટ માટેની વિશેષ વિન્ડો**

આથી સૂચના આપવામાં આવે છે કે સેબી ના તા. ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ ના પરિપત્ર ક્રમાંક HO/38/13/11(2)2026-MIRSD-POD/I/3750/2026 ના સંદર્ભમાં તા. ૧ એપ્રિલ, ૨૦૧૯ પહેલાં વેચાયેલી / ખરીદેલી ભૌતિક સીક્યુરીટીઝની તબદિલી અને ડિમટીરિયાલાઈઝેશન માટેની વિશેષ વિન્ડો ફરી ખોલવામાં આવી છે. **આ વિશેષ વિન્ડો તા. ૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી તા. ૪ ફેબ્રુઆરી, ૨૦૨૭ સુધી, એક વર્ષ ના સમયગાળા માટે ખુલ્લી રહેશે**. આ વિશેષ વિન્ડો એવી તબદિલી વિનંતીઓ માટે પણ ઉપલબ્ધ રહેશે જે અગાઉ સબમિટ કરવામાં આવી હતી અને દસ્તાવેજો / પ્રક્રિયામાં ખામીને કારણે અથવા અન્યથા નકારવામાં આવી હતી / પરત મોકલવામાં આવી હતી.

તદ્નુસાર, તારીખ ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ અને તારીખ ૧૬ એપ્રિલ, ૨૦૨૬ના રોજ પ્રકાશિત સૂચના દ્વારા અગાઉ વિનંતી કરવામાં આવી હતી, તે મુજબ, લાયક શેરધારકો ઉપરોક્ત પરિપત્રમાં જણાવ્યા મુજબ જરૂરી દસ્તાવેજો સાથે તેમની તબદિલી વિનંતીઓ કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (આરટીએ) ને એમયુએફજી ઈન્ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, "ગીતાકુંજ", ૧, ભક્તિનગર સોસાયટી, એબીએસ ટાવર પાછળ, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા - ૩૯૦૦૧૫, ફોન નં. ૦૨૬૫ - ૩૫૬૬૭૬૮, ઈ-મેઈલ : vadodara@in.mpms.mufg.com ખાતે જમા કરાવા વિનંતી છે.

તબદિલી માટે ફરીથી નોંધાયેલા શેર, ફક્ત ડિમેટ મોડમાં તબદિલીથી લેનારને જમા કરવામાં આવશે અને તબદિલીથીની નોંધણી તારીખથી એક વર્ષના સમયગાળા માટે લોક-ઈન હેઠળ રહેશે. આવી સીક્યુરીટીઝ ઉપરોક્ત સમયગાળા દરમ્યાન તબદિલ / લીયન-માર્કડ્ / ગીરવે મુકી શકાશે નહીં.

**ડાયામાઈન્સ એન્ડ કેમીકલ્સ લિમિટેડ વતી,**
**સહી/-**
**હેમાક્ષી પવાર**
**કંપની સેક્રેટરી**

**તારીખ : જુન ૧૫,૨૦૨૬**
**સ્થળ : વડોદરા**



**શૈલી એન્જીનીયરીંગ પ્લાસ્ટીક્સ લિમિટેડ**

SHAILY Engineering Plastics Ltd

CIN : L51900GJ1980PLC065554

રજીસ્ટર્ડ ઓફિસ : સર્વે નં. ૩૬૪/૩૬૬, પો. રાનીયા, તા. સાવલી, જી. વડોદરા-૩૯૧ ૭૮૦, ગુજરાત, ભારત.

ફોન નં. : +૯૧ ૭૫૭૪૮૦૫૧૨૨ /૧૮૧ E-mail : investors@shaily.com Visit us : www.shaily.com

**શેરધારકોને સૂચના**

**ભૌતિક શેરોના ટ્રાન્સફર વિનંતીઓના રિ-લોજમેન્ટ માટેની વિશેષ વિન્ડો**

આથી સૂચના આપવામાં આવે છે કે સેબી ના તા. ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ ના પરિપત્ર ક્રમાંક HO/38/13/11(2) 2026-MIRSD-POD/I/3750/2026 ના સંદર્ભમાં તા. ૧ એપ્રિલ, ૨૦૧૯ પહેલાં વેચાયેલી / ખરીદેલી ભૌતિક સીક્યુરીટીઝની તબદિલી અને ડિમટીરિયાલાઈઝેશન માટેની વિશેષ વિન્ડો ફરી ખોલવામાં આવી છે. **આ વિશેષ વિન્ડો તા. ૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી તા. ૪ ફેબ્રુઆરી, ૨૦૨૭ સુધી, એક વર્ષ ના સમયગાળા માટે ખુલ્લી રહેશે.** આ વિશેષ વિન્ડો એવી તબદિલી વિનંતીઓ માટે પણ ઉપલબ્ધ રહેશે જે અગાઉ સબમિટ કરવામાં આવી હતી અને દસ્તાવેજો / પ્રક્રિયામાં ખામીને કારણે અથવા અન્યથા નકારવામાં આવી હતી / પરત મોકલવામાં આવી હતી.

તદ્નુસાર, તારીખ ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ અને તારીખ ૧૭ એપ્રિલ, ૨૦૨૬ના રોજ પ્રકાશિત સૂચના દ્વારા અગાઉ વિનંતી કરવામાં આવી હતી, તે મુજબ, લાયક શેરધારકો ઉપરોક્ત પરિપત્રમાં જણાવ્યા મુજબ જરૂરી દસ્તાવેજો સાથે તેમની તબદિલી વિનંતીઓ કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (આરટીએ) ને **બિગશેર સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ, ઑફિસ નં. S૬-૨, ૬ ઠ્ઠો માળ, પિનેકલ બિઝનેસ પાર્ક, આહુરા સેન્ટરની બાજુમાં, મહાકાળી કેવ્ઝ રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૯૩, મહારાષ્ટ્ર, ભારત, ટેલિફોન : +૯૧ ૨૨ -૬૨૬૩૮૨૦૦, ઈ-મેઈલ :** investor@bigshareonline.com ખાતે જમા કરાવવા વિનંતી છે.

તબદિલી માટે ફરીથી નોંધાયેલી સીક્યુરીટીઝ, ફક્ત ડિમેટ મોડમાં તબદિલીથી લેનારને જમા કરવામાં આવશે અને તબદિલીની નોંધણી તારીખથી એક વર્ષના સમયગાળા માટે લોક-ઈન હેઠળ રહેશે. આવી સીક્યુરીટીઝ ઉપરોક્ત સમયગાળા દરમ્યાન તબદિલ / લીયન-માર્કડ્ / ગીરવે મુકી શકાશે નહીં.

**શૈલી એન્જીનીયરીંગ પ્લાસ્ટીક્સ લિમિટેડ વતી**
**સહી/-**
**હરીશ પુનવાની**
**કંપની સેક્રેટરી**
(M.No.: A-50950)

**સ્થળ : વડોદરા.**
**તારીખ : ૧૫ જુન,૨૦૨૬**



Styrenix PERFORMANCE MATERIALS

**સ્ટાયરેનિક્ષ પરફોર્મન્સ મટેરીયલ્સ લિમિટેડ**

**રજીસ્ટર્ડ ઓફિસ :** ૯મો માળ, "શિવા" સારાભાઈ કોમ્પ્લેક્ષ, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, વડીવાડી, વડોદરા - ૩૯૦ ૦૨૩, ગુજરાત.

CIN: L25200GJ1973PLC002436

ફોન : +૯૧ ૨૬૫ ૨૩૦૩૨૦૧ / ૨૩૦૩૨૦૨

E mail : secshare@styrenix.com | Website : www.styrenix.com

**નોટીસ**

**ઇન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF) સસ્પેન્સ એકાઉન્ટમાં કંપનીના ઇક્વિટી શેર્સના ટ્રાન્સફર માટે**

આથી નોટીસ આપવામાં આવે છે કે સમયાંતરે સુધારેલ, કોર્પોરેટ કાર્ય મંત્રાલય દ્વારા સૂચિત થતા ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરીટી (એકાઉન્ટિંગ, ઓડિટ, ટ્રાન્સફર અને રિફંડ) નિયમો, ૨૦૧૬ ("નિયમો") અન્વયે કંપની અધિનિયમ, ૨૦૧૩ ("અધિનિયમ") ની કલમ ૧૨૪ ની જોગવાઈઓ મુજબ, કંપનીના ઈક્વિટી શેરો કે જેના પર ડિવિડન્ડ ચૂકવવામાં નથી આવ્યું અથવા સતત સાત (૭) વર્ષ અથવા તેથી વધુ વર્ષ માટે કલેમ કરવામાં નથી આવ્યો તેવા શેરો કંપની દ્વારા ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફન્ડ (આઈઈપીએફ) સસ્પેન્સ એકાઉન્ટ માં ટ્રાન્સફર કરવા જરૂરી છે.

નિયમોમાં જણાવાયેલી વિવિધ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, યોગ્ય પગલાં લેવા માટે, કંપનીએ તા. ૧૨ જુન, ૨૦૨૬ ના રીમાઈન્ડર લેટર દ્વારા શેર હોલ્ડરોને તેમના કંપનીમાં નોંધાયેલા સરનામે યોગ્ય પગલાં લેવા વિષે જાણ કરી હતી, કે જેમના શેર ઉક્ત નિયમો હેઠળ આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવા માટે પાત્ર છે.

કંપનીની વેબસાઈટ www.styrenix.com પર આવા શેરહોલ્ડરો અને આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાપાત્ર શેર્સની વિગતો અપલોડ કરવામાં આવી છે. શેરહોલ્ડર્સ વેબસાઈટમાંથી અનકલેમ્ડ ડિવિડન્ડ અને આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર માટે પાત્ર શેરની વિગતો ચકાસી શકે છે તથા ટ્રાન્સફર થતાં પહેલાં તેમના ડિવિડન્ડ અને શેર ક્લેઈમ કરવા માટે કંપનીનો તાત્કાલિક સંપર્ક કરી શકે છે.

ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવતા સંબંધિત શેરહોલ્ડરો નોંધ રાખી શકે છે કે કંપની, નિયમો મુજબ આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં શેર્સનાં ટ્રાન્સફરના હેતુઓ માટે તેમના દ્વારા રાખવામાં અવેલા મૂળ શેર પ્રમાણપત્રો ને બદલે ડુપ્લિકેટ શેર પ્રમાણપત્ર (ઓ) આપશે અને આવા શેરના ઈશ્યુ પર મૂળ શેર પ્રમાણપત્ર, જે તેમના નામ પર રજીસ્ટર્ડ છે, તે આપમેળે રદ થઈ જશે અને બિન-વટાઉ તરીકે માનવામાં આવશે અને ઈલેક્ટ્રોનીક સ્વરૂપમાં શેર ધરાવતા શેરહોલ્ડરોને તેમના આવા આઈઈપીએફમાં ટ્રાન્સફર થવા પાત્ર શેર તેમના ડિમેટ એકાઉન્ટમાં ડેબીટ તરીકે જણાશે. વધુમાં શેરહોલ્ડરો નોંધ લઈ શકે છે કે ઉપરોક્ત રીમાઈન્ડર પત્રો ઉપરાંત, કંપની દ્વારા તેની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવેલી વિગતોને ધ્યાનમાં લેવી જોઈએ અને નિયમો અનુસાર, આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં શેર્સના ટ્રાન્સફરના હેતુસર કંપની દ્વારા ડુપ્લિકેટ શેર પ્રમાણપત્ર (ઓ) ના ઈશ્યુના સંદર્ભમાં યોગ્ય નોટિસ માનવામાં આવશે.

જો કંપની **૩૧ ઓગષ્ટ, ૨૦૨૬** સુધી સંબધિત શેરહોલ્ડરો પાસેથી કોઈપણ પ્રકારનો કાયદેસરનો દાવો / જવાબ નહીં મળે, તો કંપની ઉક્ત નિયમોની જરૂરીયાતોનું પાલન કરવાના દૃષ્ટિકોણ સાથે, શેરહોલ્ડરોને અન્ય કોઈ પણ વધુ નોટિસ વિના, નિયમોમાં નિયત પ્રક્રિયા મુજબ નિયત તારીખ સુધી શેરને આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરશે, ત્યાર બાદ આવા ટ્રાન્સફર કરાયેલા શેરો અંગે કંપનીની કોઈ પણ પ્રકારની જવાબદારી રહેશે નહીં.

શેરહોલ્ડર્સ નોંધી શકે છે કે બંને આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરેલા અનકલેમ્ડ ડિવિડન્ડ અને શેર્સ, અને આવા શેર્સ પર પ્રાપ્ત થતા તમામ લાભો સહિત, જો કોઈ હોયતો, નિયમોમાં સૂચિત કાર્યવાહીને અનુસરીને આઈઈપીએફ ઓથોરિટી પાસેથી તેઓ ફરીથી ક્લેમ કરી શકે છે.

જો શેરધારકોને ઉપરોક્ત વિષય અંગે કોઈ પ્રશ્ન હોય તો તેઓ કંપનીને તેની રજીસ્ટર્ડ ઓફિસ ઉપર અથવા કંપનીના રજીસ્ટ્રાર એન્ડ શેર ટ્રાન્સફર એજન્ટ મેસર્સ એમયુએફજી ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લિમિટેડ (અગાઉની લીંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લિમિટેડ), **"ગીતાકુંજ", ૧, ભક્તિનગર સોસાયટી, એબીએસ ટાવર્સની પાછળ, જુના પાદરા રોડ, વડોદરા - ૩૯૦૦૧૫, ટેલીફોન નં. (૦૨૬૫) ૩૫૬૬ ૭૬૮,** ઈ-મેઈલ : vadodara@in.mpms.mufg.com નો સંપર્ક કરી શકશે.

બોર્ડના આદેશ દ્વારા
**સ્ટાયરેનિક્ષ પરફોર્મન્સ મટેરીયલ્સ લિમિટેડ માટે**
સહી/-
**ચિંતન દોશી**
મેનેજર લીગલ એન્ડ કંપની સેક્રેટરી

તારીખ : ૧૫ જુન, ૨૦૨૬
સ્થળ : વડોદરા